દાખલ તારીખ :- ૦૯/૦૨/૨૦૨૬
રજીસ્ટર્ડ તારીખ :- ૦૯/૦૨/૨૦૨૬
ફેસલ તારીખ :- ૩૦ /૦૩/૨૦૨૬
સમયગાળો :- ૦૦--૦૧--૨૧
વર્ષ માસ દિવસ

**આંક : ૧૦**

**<u>અધિક સત્ર ન્યાયધીશની અદાલત, મુકામ - રાધનપુર, જિલ્લો - પાટણ</u>**
**<u>ક્રિમીનલ રીવીઝન અરજી નં. ૦૯/૨૦૨૬</u>**

**અરજદાર :- શ્રી સરકાર**

વિરૂધ્ધ

**સામાવાળા :- (૧) મનુભાઇ લઘરાભાઇ ભરવાડ,**
રહે.કુકા, તા.ધોળકા, જિ.અમદાવાદ ગ્રામ્ય
**(૨) લાલાભાઇ જીવાભાઇ ભરવાડ,**
રહે. રાફુ, તા.સમી, જિ.પાટણ
**(૩) હિરલબેન ગોગનભાઇ પરમાર**
રહે. રાજકોટ
**(૪) જીવણભાઇ ગોવિંદભાઇ ભરવાડ**
રહે. ઝરીયા, તા.જિ.બોટાદ
**(૫) ગોવિંદભાઇ કાળાભાઇ ભરવાડ**
રહે.પાંચપડા, પાળીયાદરોડ, મુ.તા.જિ.બોટાદ
**(૬) મેરાભાઇ જીવણભાઇ ભરવાડ**
**(૭) લક્ષ્મીબેન જીવણભાઇ ભરવાડ**
નં.૬,૭ રહે. ફરીયા, તા.જિ.બોટાદ

**બાબત :-** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૩૮ મુજબ રિવીઝન અરજ

---

| | |
|---|---|
| અરજદાર તરફે | વિ.એ.પી.પી. શ્રી જે.જે.બારોટ |
| સામાવાળા નં.૧, ૩, ૫ તરફે | વિ.વકીલશ્રી એમ.એ.ઘાંચી |
| સામાવાળા નં.૨ તરફે | વિ.વકીલશ્રી આર.વી.ચૌધરી |
| સામાવાળા નં.૪, ૬, ૭ તરફે | વિ.વકીલશ્રી જે.આર.પ્રજાપતિ |

---

**<u>--:: ઠરાવ ::--</u>**

**(૧)** રાધનપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૨૭૨૫૧૨૦૫/૨૦૨૫ થી બી.એન.એસ.ની કલમ-૩૫૧(૩), ૩૧૮(૪), ૩૧૬(૨), ૩૦૮(૫), ૩૦૮(૭), ૬૧(૨)(અ), ૮૩ મુજબ દાખલ થયેલ ફરીયાદમાં સામાવાળા (મૂળ આરોપીઓ) ને મે.એડી.ચીફ જયુડી.મેજી.કોર્ટ,

રાધનપુર, ખાતે જામીન અરજી નં.૨૧૭/૨૦૨૫, ૨૧૮/૨૦૨૫, ૨૨૦/૨૦૨૫, ૨૨૧/૨૦૨૫, ૨૨૩/૨૦૨૫ થી નોંધાયેલ તે તમામ જામીન અરજીઓમાં આરોપીઓને શરતોને આધીન મુકત કરવાનો હુકમ કરતાં તે હુકમથી નારાજ થઇ શ્રી સરકાર ધ્વારા રીવીઝન અરજી કરવામાં આવેલ છે.

**(૨)** અરજદાર શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.બારોટ ધ્વારા રીવીઝન અરજીમાં જે કારણો દર્શાવવામાં આવેલ છે તે મુજબની દલીલો કરવામાં આવેલ છે તેથી દલીલોનુ પુનરાવર્તન કરવામાં આવતુ નથી.

**(3)** સામાવાળા (મૂળ આરોપીઓ) તરફે તમામ વિ.વકીલશ્રીઓની દલીલો ધ્યાને લેતાં મુખત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, "બેલ તે નિયમ અને જેલ તે અપવાદ' નો સિધ્ધાંત અનુસરી નામ.કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવેલ છે. સામાવાળા (મૂળ આરોપીઓ) એ મળેલ સ્વતંત્રતાનો કોઇપણ પ્રકારે ગેરલાભ લીધેલ નથી કે પછી કોઇપણ સાહેદને ધાકધમકી આપેલ હોય તેવો શ્રીસરકારનો આક્ષેપ નથી. વધુમાં એવી દલીલ કરેલ છે કે, જામીન નામંજુર કરવા માટેના કોઇપણ કારણો દર્શાવવામાં આવેલ નથી અને ફકત સજાની જોગવાઇ તે દસ વર્ષની હોઇ તેથી નામ.કોર્ટ જામીન ન આપી શકે તે કારણ પાયા વિહોણ છે. આથી રીવીઝન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**(૮)** નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા જામીન રદ કરવા માટે **Daulat Ram and others vs. State of Haryana** reported in **(1995) 1 SCC 349** માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, :

"*Rejection of bail in a non-bailable case at the initial stage and the cancellation of bail so granted, have to be considered and dealt with on different basis. Very cogent and overwhelming circumstances are necessary for an order directing the cancellation of the bail, already granted. Generally speaking, the grounds for cancellation of bail, broadly (illustrative and not exhaustive) are: interference or attempt to interfere with the due course of administration of Justice or evasion or attempt to evade the due course of justice or abuse of the concession granted to the accused in any manner. The satisfaction of the court,on the basis of material placed on the record of the possibility of the accused absconding is yet another reason justifying*

*the cancellation of bail.However, bail once granted should not be cancelled in a mechanical manner without considering whether any supervening circumstances have rendered it no longer conducive to a fair trial to allow the accused to retain his freedom by enjoying the concession of bail during the trial."*

આ સિધ્ધાંતો **MS. P. v/s The State of Madhya Pradesh and another (Criminal Appeal No.740 of 2022) decided on 05.05.2022** ના ચુકાદામાં પુન:પ્રસ્થાપિત કરેલ છે કે, :

"*24. As can be discerned from the above decisions, for cancelling bail once granted, the Court must consider whether any supervening circumstances have arisen or the conduct of the accused post grant of bail demonstrates that it is no longer conducive to a fair trial to permit him to retain his freedom by enjoying the concession of bail during the trial. To put it differently, in ordinary circumstances, thisCourt would be loath to interfere with an order passed by the Court below granting bail but if such an order is found to be illegal or perverse or premised on irrelevant material, then such an order is susceptible to scrutiny and interference by the Appellate Court. Some of the circumstances where bail granted to the accused under Section 439 (1) of the Cr.P.C. can be cancelled are enumerated below:-*

*a) If he misuses his liberty by indulging in similar/other criminal activity;*

*b) If he interferes with the course of investigation;*

*c) If he attempts to tamper with the evidence;*

*d) If he attempts to influence/threaten the witnesses;*

*e) If he evades or attempts to evade court proceedings;*

*f) If he indulges in activities which would hamper smooth investigation;*

*g)If he is likely to flee from the country:*

*h) If he attempts to make himself scarce by going underground and/or becoming unavailable to the investigating agency;*

*i) If he attempts to place himself beyond the reach of his surety.*

*j) If any facts may emerge after the grant of bail which are considered unconducive to a fair trial. We may clarify that the aforesaid list is only illustrative in nature and not exhaustive"*

**(૮)** સામાવાળા (મૂળ આરોપીઓ) ને જામીન મુકત કરવાના હુકમો વંચાણે લેતાં, આરોપીને જયાં સુધી દોષિત ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે, આક્ષેપિત ગુનાઓની સજા મોતની કે આજીવન કેદ સજા નથી, સામાવાળા (મૂળ આરોપીઓ) ગુજરાત રાજયના રહેવાસી છે તથા સામાવાળા (મૂળ આરોપીઓ) સામેનો કેસ પુર્ણ થવામાં સમય જશે તે સિધ્ધાંતો પર શરતોને આધીન સામાવાળા (મૂળ આરોપીઓ) ને જામીન મુકત કરેલ છે. સામાવાળા (મૂળ આરોપીઓ) ના જામીન રદ કરવા માટેના કારણ કે, આક્ષેપિત ગુનાઓ દસ વર્ષની સજાની જોગવાઇ ધરાવે છે તેટલામાત્રથી જમીન રદ કરી શકાય નહી. વધુમાં સામાવાળા (મૂળ આરોપીઓ) એ કઇ શરતોનો કઇ રીતે ભંગ કરેલ છે તે બાબતે કોઇપણ વિગતો રજુ કરવામાં આવેલ નથી. આથી, ઉપરોકત ટાંકેલ ચુકાદાઓ મુજબના કોઇપણ કારણો અરજદાર બતાવી શકેલ નથી. આથી હાલની રીવીઝન અરજી મંજુર કરવી ન્યાયોચિત જણાતી નથી અને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આથી અરજદારની ફોજદારી રીવીઝન અરજી નં.૦૯/૨૦૨૬ **નામંજુર** કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**૩૦મી**, માહે-**માર્ચ**, સને-**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૩૦/૦૩/૨૦૨૬
મું.રાધનપુર, પાટણ.

**રાજકુમાર રામસિંહ ચૌધરી**
અધિક સત્ર ન્યાયધીશ
મું.રાધનપુર, જી.પાટણ
જજ કોડ નં.જીજે-૦૧૫૧૨